# મૃત્યુનો ભય નિરર્થક છે.

- બ્રહ્માકુમાર પ્રફુલ્લચંદ્ર શાહ
મોબા. 09825892710
E-mail: bkprafulshah@gmail.com

અનિશ્ચિતતા, અસુરક્ષા, વધુ પડતી અકસ્માતોની સંભાવના તેમજ રોગોની સંભાવના વચ્ચે જીવતો આજનો માનવી અનેક પ્રકારના ડર (phobia) થી પીડાઈ રહ્યો છે. આમાં વ્યક્તિને સૌથી મોટો જો કોઈ ભય હોય તો તે છે મૃત્યુનો ભય. આનું મૂળ કારણ એ છે કે આપણે મોટા ભાગે એવું માનીએ છીએ કે મૃત્યુની સાથે જ મારો તેમજ મારા જીવનનો અંત આવી જશે. આ માન્યતાના મૂળમાં આપણી નરી અજ્ઞાનતા છે. આપણે એટલી હદે ભૌતિકવાદી બની ગયા છીએ કે આપણે આપણી સ્વયંની ઓળખને જ ભૂલી ગયા છીએ અને એટલે જ આપણે આવા ભ્રમ કે ગેરસમજના ભોગ બન્યા છીએ.

આપણે હંમેશા આપણા શરીર માટે મારું શરીર શબ્દ પ્રયોગ કરીએ છીએ. પરંતુ આ મારૂં શરીર કહેનાર હું કોણ? શું આ પ્રશ્નનો સ્પષ્ટ અને સચોટ ઉત્તર આપણી પાસે છે? કદાચ શ્રીમદ્ ભગવત ગીતા કે અન્ય ધર્મ પુસ્તકો વાંચ્યા હોય તો કોઈ કહેશે કે હું એટલે શરીરથી ભિન્ન ચૈતન્ય શક્તિ આત્મા અને તે કદાચ એમ પણ કહેશે કે આ આત્મા અજર, અમર, અવિનાશી છે, શાશ્વત તેમજ સનાતન છે. પરંતુ શું આટલી સમજ મૃત્યુના ડરને દુર કરવા પર્યાપ્ત છે ? સમગ્ર મૃત્યુની ઘટનાને આત્મજ્ઞાન અથવા આધ્યાત્મિક જ્ઞાન સાથે સંબંધ છે. જે વ્યક્તિને આ આધ્યાત્મિક જ્ઞાન પ્રાપ્ત છે તે વ્યક્તિ આધ્યાત્મિક રીતે જાગૃત છે અને તેનો આધ્યાત્મિક વિવેક ખુલેલો હોય છે. આવી વ્યક્તિને મૃત્યુનો કોઈ જ ભય હોઈ ન શકે. મૃત્યુની સંકલ્પના કે વિભાવનાને સ્પષ્ટ રીતે સમજવા માટે આપણે અધ્યાત્મ વિજ્ઞાનના એક મહત્વપૂર્ણ ભાગ સમાન આત્મજ્ઞાનની ગહનતામાં જવું પડશે. આત્માના અસ્તિત્વ વિષે તેની શાશ્વતતાં કે સનાતનતા વિષે તેની કેટલીક લાક્ષણિકતાઓ વિષે ધર્મગ્રંથોમાં ઘણું બધું લખવામાં આવ્યું છે પરંતુ તેના વૈજ્ઞાનિક અભિગમ તેમજ વૈજ્ઞાનિક પ્રમાણના અભાવને કારણે આપણે આ બધી વાતોનો સહજ સ્વીકાર કરી શકતા નથી તેમજ સમજી શકતા નથી. પરંતુ છેલ્લા કેટલાક દશકા દરમ્યાન વિશ્વની કેટલીક અગ્રિમ યુનિવર્સિટીઓમાં મનોવિજ્ઞાન (Psychology), પરામનોવિજ્ઞાન (Parapsychology), પારભૌતિક વિજ્ઞાન (Metaphysics) મનોચિકિત્સા વિજ્ઞાન (Psychiatry) ક્ષેત્રે થયેલા સંશોધનોએ આત્મજ્ઞાનની ગહેરાઈઓને સ્પષ્ટ રૂપે ખુલ્લી કરેલી છે. આ ઉપરાંત થીઓસોફીકલ સોસાયટી, બ્રહ્માકુમારીની ભગિની સંસ્થા રાજયોગ એજ્યુકેશન એન્ડ રીસર્ચ ફાઉન્ડેશન, અમેરીકા સ્થિત મેટા સાયન્સ ફાઉન્ડેશન જેવી કેટલીક સંસ્થાઓએ કરેલા સંશોધનમાં એ અધ્યાત્મ વિજ્ઞાન (Spiritual Science) ના રહસ્યોને ખુબ જ વૈજ્ઞાનિક રીતે સ્પષ્ટ કર્યા છે. અત્યાર સુધી ભૌતિકવાદી પાશ્ચાત્ય સંસ્કૃતિમાં એમ માનવામાં આવતું હતું કે " Birth is an accident and death is certain" અર્થાત્ જન્મ એ અકસ્માત છે અને મૃત્યુ નિશ્ચિત છે પરંતુ વિજ્ઞાન ક્ષેત્રે થયેલા આ સંશોધનએ તેઓને એ માનવા મજબૂર કર્યા છે કે જન્મ પછી જેમ મૃત્યુ નિશ્ચિત છે તેજ રીતે મૃત્યુ પછી જન્મ નિશ્ચિત છે.

આ સંશોધનો દ્વારા ચેતના વિજ્ઞાન (Science of consciousness) ના જે રહસ્યો સ્પષ્ટ થયેલા છે તેની સમજ કેળવવાથી કોઈપણ વ્યક્તિ મૃત્યુના ભયથી મુક્ત થઈ શકે છે. આવો આ રહસ્યોના મુખ્ય બિંદુઓ પર દૃષ્ટિપાત કરીએ.

- પાંચ જડ તત્વોના બનેલા આ શરીરથી ભિન્ન હું  એક અતિસૂક્ષ્મ પ્રકાશ બિંદુ સ્વરૂપ ચૈતન્ય શક્તિ આત્મા છું. મારું અસ્તિત્વ તેમજ વ્યક્તિત્વ મુજ બિંદુરૂપ આત્મામાં સમાયેલું છે.
- આ શરીરમાં હું આત્મા મગજના કેન્દ્રબિંદુ પર બિરાજમાન થઈ સમગ્ર શરીરનું સંચાલન કરું છું.
- હું આત્મા અજર, અમર, અવિનાશી છું; શાશ્વત છું; સનાતન છું; અનાદિ સમયથી મારૂં અસ્તિત્વ છે અને તે અનંત સુધી જળવાઈ રહેશે.
- શરીર જીર્ણ થયે અથવા અન્ય કારણસર બિનઉપયોગી બને ત્યારે હું આત્મા તે શરીર છોડી દઉં છું જે ઘટના માટે મૃત્યુ શબ્દ પ્રયોગ કરવામાં આવે છે.  આ મૃત્યુ મારું નહીં પરંતુ મારા શરીરનું થાય છે.
- શરીર છોડયા બાદ હું નિશ્ચિતરૂપે, નિર્ધારિત સમયે  માતાના ગર્ભમાં વિકાસ પામી રહેલાં ભ્રૂણમાં પ્રવેશ કરું છું અને નિર્ધારિત સમયે પૂર્ણ વિકસીત બાળકના રૂપમાં માતાના ગર્ભમાંથી બહાર આવું છું જેના માટે જન્મ શબ્દ પ્રયોગ  કરવામાં આવે છે.  આ મારા નવા શરીરમાં નવા જીવનની શરૂઆત છે.
- હું આત્મા શરીર છોડયા પછી પણ મારા  વ્યક્તિત્વના વિવિધ પાસા જેવાં કે સંસ્કાર, સ્વભાવ, આદત, અભિગમ, વૃત્તિ, વગેરેને જાળવી રાખું છું, જે મારા બીજા નવા જન્મમાં પણ મારા વિચાર, વાણી તેમજ વર્તન દ્વારા  પ્રત્યક્ષ થતા રહે છે.
- મન, બુધ્ધિ અને મારું  વ્યક્તિત્વ મુજ આત્માની ત્રણ મુખ્ય ક્રિયાત્મક શક્તિઓ અથવા સૂક્ષ્મ ઈન્દ્રીયો છે.
- આ સૃષ્ટિ નાટકના ચક્રમાં  હું આત્મા અનેક  જન્મો લઉં છું.  શરૂઆતના  જન્મોમાં હું સતોપ્રધાન હોઉં છું.  મધ્યમાં કેટલાંક જન્મો હું રજોગુણમાં પસાર કરું છું અને ચક્રના અંતિમ જન્મોમાં હું  તમોગુણી બનું છું. સૃષ્ટિનાટકના કલ્પરૂપી એક ચક્રમાં એક મનુષ્ય આત્મા ઓછામાં ઓછા એક થી માંડીને વધુમાં વધુ 84 જન્મો લે છે.
- હું આત્મા બીજરૂપ છું,  મારું બીજ મનુષ્યનું બીજ છે  એટલે મારા બધાં જ જન્મો મનુષ્યના રૂપમાં જ હોય છે.  પશુ, પક્ષી કે અન્ય યોનિમાં જન્મ લેવાનો પ્રશ્ન જ ઉપસ્થિત થતો નથી.  આ સિધ્ધાંત પરામનોવિજ્ઞાનમાં થયેલા અનેક  પ્રયોગો  દ્વારા સાબિત થયેલો છે.
- મારા સર્વ જન્મો કર્મના સિધ્ધાંતને આધિન છે. મારા કર્મોનું પરિણામ સુખ કે દુઃખના રૂપમાં મારે મનુષ્યના રૂપમાં જ ભોગવવાનું છે.  સંપૂર્ણ  સુખનો અનુભવ  હું મારા સતોગુણી જન્મો દરમ્યાન કરું છું અને મારા તમોગુણી  જન્મો દરમ્યાન મહ્દ અંશે હું દુઃખનો અનુભવ કરું છું.

ઉપરોકત જ્ઞાન બિન્દુઓની પ્રેકટીકલ અનુભૂતિ આપણે સહજ રાજયોગના અભ્યાસ દ્વારા કરી શકીએ છીએ. ચેતનાના આ જ્ઞાનની સમજ તેમજ રાજયોગ દ્વારા કરેલી  અનુભૂતિથી આપણો આધ્યાત્મિક વિવેક ખુલે છે. જે આપણને મૃત્યુના ભયથી મુકત કરે છે.  પ્રજાપિતા બ્રહ્માકુમારી  ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય  વિશેષ રૂપે આ પ્રકારનું  શિક્ષણ તેમજ તાલિમ આપે છે. આ વિદ્યાલયના સંપર્કથી હું પણ મહ્દ્ અંશે મૃત્યુના ભયથી મુક્ત થયો છું.

\- ઓમ શાંતિ -